# શહેરમાં સિઝનનો સૌથી ઠંડો દિવસ : ૧૨.૨ ડીગ્રી

## વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો ગરમ કપડામાં લપેટાયા : જનજીવન પ્રભાવિત : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૧૮ ડી ગ્રીના તફાવતથી બપોરના સમયે ગરમીનો અહેસાસ : હજુ ઠંડી વધવાની સંભાવના

ગાંધીનગર તા ૧૨

શિયાળાની મોસમ ધીમે ધીમે જમાવટ કરતી જાય છે. હતો. જો કે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ વધુ રહેતા બપોરના સમયે નગરજનોએ છે. હજુ ઠંડીનુ પ્રમાણ વધે તેવી સંભાવના છે. ઠંડીથી બચવા શહેરના શ્રમિકો તાપણા કરતા






શહેરમાં આજે ઠંડીનો પારો ૧૨.૨ ડીગ્રીએ પહોંચી જતા શહેરમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. સવારથી જ વાતાવરણમાં આકરી ઠંડી વર્તાતી હતી. સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. જયારે સાંજ ઢળતા જ શહેરમાં ઠંડીનો ચમકારો વર્તાયો ગરમીનો અહેસાસ પણ કર્યો હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૮ ડીગ્રીનો તફાવત રહેતા નગરજનોએ બેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. ઉત્તર ભારતમાં સતત હીમવર્ષા થવાના પગલે હવે વાતાવરણ પર ઠંડીની ગિરફત જોવા મળી રહી નજરે પડે છે. જયારે વહેલી સવારે પણ શહેરમાં મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે.

ગાંધીનગરમાં આક્રમક વરસાદી ઋતુ બાદ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહના અંતે હવે ઠંડીનુ જોર વધી રહ્યુ છે. હરિયાળા શહેરમાં ગુલાબી ઠંડીની મોસમ આમપણ અનોખી તાજગી અને તંદુરસ્તી આપે તેવી હોવાથી નગરજનો પણ મોસમના આ મિજાજથી પ્રભાવિત થવાની સાથે લુફ્ત પણ ઉઠાવે છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મોસમનો મિજાજ વિચિત્ર જોવા મળી રહ્યો છે. અલબત્ત શિયાળાના પ્રારંભ બાદ ઠંડીનો પારો ૧૩ ડીગ્રીની ઉપર જ રહેતા વાતાવરણમાં ઠંડીની વિશેષ અસર જોવા મળતી ન હતી.જેના લીધે નાગરિકો હજુ ગરમ કપડા પહેરવાનુ પણ પસંદ કરતા ન હતા. જયારે ધીમે ધીમે હવે ઠંડીએ આકરો મિજાજ અપનાવાનુ શરૂ કર્યુ છે. આજે લઘુત્તમ તાપમાન ૧૨.૨ ડીગ્રી એ પહોંચી ગયુ હતુ. સિઝનની અત્યાર સુધી સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. ઉત્તર ભારતમાં સતત થતી હીમવર્ષાની અસર હવે ગુજરાત પર વર્તાઈ રહી છે. જયારે હરિયાળા ગાંધીનગરમાં પણ મોસમનો મિજાજ બદલાયો છે. આજે સવારથી જ વાતાવરણમાં ઠંડીનુ જોર રહ્યુ હતુ. વહેલી સવારે કોલ્ડવેવની અસરથી શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ ઠંડીથી પ્રભાવિત થયા હતા. જયારે બપોર થતા મહત્તમ તાપમાન પણ વધ્યુ હતુ. અલબત્ત ઠંડીનુ જોર વધવાની સાથે મહત્તમ તાપમાનમાં કોઈ વિશેષ ફેરફાર જોવા મળ્યો ન હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૮ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જેથી બપોરના સમયે નગરજનોએ ગરમીનો અહેસાસ પણ કર્યો હતો. ઠંડીની અસરથી સવારે અને રાત્રિના સમયે શ્રમજીવી વસાહતમાં તાપણાં જોવા મળ્યા હતા. જયારે રસ્તા પર જતા રાહદારીઓ પણ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. ઠંડીનુ જોર વધતા હવે નગરજનો રાત્રિના સમયે કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા છે. જયારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનુ જોર વધે તેવી સંભાવના છે. ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજના જનજીવન પર તેની અસર વર્તાઈ રહી છે.

## મોડી સાંજે ઠંડા પવન સાથે વરસાદના છાંટણા



શહેરમાં આજે ઠંડીનો ચમકારો વર્તાયો હતો. સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. બીજીતરફ સાઈકલોન સર્ક્યુલેશન સિસ્ટમના લીધે કચ્છ ભુજ અને બનાસકાંઠા સહીતના વિસ્તારમાં વરસાદ થવાની સંભાવના પણ હવામાન વિભાગે વ્યકત કરી હતી. જયારે આજે મહેસાણામાં પણ આજે વરસાદ ખાબકયો હતો. બીજીતરફ ગાંધીનગરમાં પણ ઢળતી સાંજે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવતા મોસમનો નઝારો ફરી એકવાર બદલાયો હતો. ઠંડીના ચમકારા વચ્ચે મોડી સાંજે સુસવાટા મારતા પવન અને આકાશમાં વિજચમકારા સાથે કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટણા વરસ્યા હતા. જેના લીધે વાતાવરણમાં ભીની માટીની મહેક પણ પ્રસરી હતી. એકબાજુ ઠંડીનુ જોર વધી રહ્યુ છે ત્યારે આકાશમાં વરસાદી વાદળોના ઘેરાવ સાથે

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારી શ્રીમતી ડી. એન. રાંક બદલાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના પુરવઠા અધિકારી શ્રીમતિ ડી.એન. રાંકની પણ આજે બદલી કરવામાં આવી છે.

શ્રીમતિ રાંકની બદલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી બનાસકાંઠા તરીકે કરવામાં આવી છે.

તેમના સ્થાને નવી નિયુક્તી પામેલ ડે. કલેક્ટર કુ. નિરૂપાબેન ગઢવીની નિમણુંક કરવામાં આવી છે. તેઓ તાલિમ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં બાલવા-ધોળકા પ્રાંત તરીકે ફરજો બજાવતા હતા. તેમની તાલિમ પૂર્ણ થતાં તેમને ગાંધીનગર ખાતે નિમણુંક આપવામાં આવી છે.

રાજ્ય સરકારે આજે ૫૦ થી વધુ ડે. કલેક્ટરોની કરેલી બદલીના હુકમમાં શ્રીમતિ રાંકની બદલીનો સમાવેશ થાય છે.

## મનપાના ડેપ્યુટી કમિશનર ભરત જોશી બદલાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મ્યુનિ. કમિશનર ભરત જોશીની આજે સાંજે બદલીના હુકમો કરાયા છે.

જોશીની બદલી થતાં તેના મિશ્ર પ્રત્યાઘાત પડવા પામ્યા છે. જોશી છેલ્લા થોડાક સમયથી વિવાદમાં સપડાયેલા હતા. એક તબક્કે સ્થાયી સમિતિએ તેના હક્ક પર તરાપ મારવાના પ્રયાસને લઈ લાલ આંખ કરી અને સરકારમાં કેમ પરત ન મોકલવા તે અંગે પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો.

જોશીની બદલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સુરેન્દ્રનગર ખાતે કરવામાં આવી છે. તેઓ તેમની નવી નિમણુંકનો ચાર્જ સોમવારે સંભાળે તેવી શક્યતાઓ છે.

### નવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે પી.સી. દવેની નિયુક્તી કરાઈ

જોશીના સ્થાને નાયબ મ્યુ. કમિશનર તરીકે અરવલ્લી જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે ફરજો બજાવતા પી.સી. દવેની નિયુક્તી કરવામાં આવી છે.

દવે પણ સોમવારે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યુ છે. રાજ્ય સરકારે જુનિયર સ્કેલના ગેસ કેડરના પર અધિકારીઓની બદલીના હુકમો આજે કર્યા છે. આ ઉપરાંત ૪૮ જેટલા સીધી ભરતીથી ઉપલબ્ધ થયેલા નાયબ કલેક્ટરોને પણ રેગ્યુલર નિમણુંક આવતા હુકમો આજે કર્યા છે. છેલ્લા ઘણા સમયથી આ બદલીઓના ભણકારા વાગી રહ્યા હતા.

## જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ૧ વર્ષ બાદ જગ્યા ભરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની બીજી જગ્યા એક વર્ષના લાંબા સમય બાદ ભરવામાં આવી છે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની આજે બદલીના હુકમો પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લા પંચાયતની નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યા પર નિમણુંક માટે રાહમાં રહેલા અધિકારી જે.બી. વદરની સેવાઓ પંચાયત હસ્તક પરત મુકવામાં આવી હતી તેમની નિમણુંક નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે કરવામાં આવી છે.

આજ પ્રમાણે દહેગામ પ્રાંત તરીકે તાલિમમાં રહેલ કુ. વિરલ દેસાઈની બદલી મદદનીશ ગ્રામ વિકાસ કમિશનર તરીકે કરવામાં

## એટ્રોસીટીના દુરપયોગ સામે કરણીસેના હલ્લાબોલ કરશે

ગાંધીનગર, તા.૧૨

એટ્રોસીટી એકટના દૂરપયોગના વિરોધમાં ગાયને રાષ્ટ્રીય માતા જાહેર કરવા દેશને દુષ્કર્મ મુકત બનાવવાની માંગણીઓ સાથે શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના દ્વારા રાષ્ટ્રીય રાજપૂત કરણીસેનાએ તા.૧૫મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર ખાતે મહારેલી અને સભાનું આયોજન કર્યુ છે. સાથે સાથે રામકથા મેદાનમાં મહાસભા યોજવામાં આવશે. કરણી સેનાના આ આંદોલનમાં દેશના જુદા જુદા ૨૦ રાજયોમાંથી કરણીસેનાના કાર્યકરો આવશે. કરણી સેનાના આ આંદોલનને બ્રાહ્મણ અને માલધારી, ચારણ સહિતના વિવિધ સમાજ દ્વારા પણ ટેકો જાહેર કરવામાં આવ્યો છે એમ અત્રે ગુજરાત રાજય કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તા.૧૫મી ડિસેમ્બરની આ મહાસભા અને રેલીની મંજૂરી માટે અમે બે મહિના પહેલા અરજી કરી દીધી છે. જો મંજૂરી નહીં મળે તો ઉપવાસ કરીને મંજૂરી મેળવીશું અને આમ છતાં મંજૂરી નહીં આપવામાં આવે તો પણ સભા અને રેલી યોજવા અમે મક્કમ છીએ.





આજે ગાંધીનગરમાં મહેસૂલી કર્મચારીઓ દ્વારા મહારેલીનું આયોજન કરાયું હતું. આ પછી રેલી સભાના સ્વરૂપમાં સત્યાગ્રહ છાવણી ખાતે ફેરવાઈ હતી. જ્યાં વિવિધ જિલ્લાના હોદ્દેદારો તેમજ કર્મચારી સંકલન સમિતિના હોદ્દેદારોએ સભા ગજવી અને સરકારના નકારાત્મક વલણની આકરી ટીકાઓ કરી હતી. આંદોલનને હજુ પણ યથાવત રાખવાની ઘોષણા મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ કરી હતી. ઘ-૦થી નીકળેલી આ મહારેલીમાં રાજ્યભરના ૭ હજારથી વધુ મહેસૂલી કર્મચારીઓ જોડાયા હતા. રેલી શાંત હતી પણ સૌનું ધ્યાન ખેંચનારી હતી.

## જિલ્લામાંથી ૪.૧૪ કરોડની મગફળી ટેકાના ભાવે ખરીદી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ખેડૂતો પાસેથી અત્યાર સુધીમાં ૪.૧૪ કરોડની કિંમતની ૮,૧૩૯ કવીન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી છે.

જિલ્લામાં મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે ૩૭૦૦થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૪૦ જેટલા ખેડૂતો પાસેથી જ ટેકાના ભાવે ખરીદી થઈ છે. જિલ્લામાં ચિલોડા અને દહેગામ ખાતે ટેકાના ભાવે ખરીદીની કામગીરી ચાલી રહી છે. જો કે ખરીદીની પ્રક્રિયા ખુબ ધીમી ચાલી રહી હોવાથી ખેડૂતોમાં રોષની લાગણી જોવા મળેલ છે.

ખરીદીના સમયે ગ્રેડીંગના નામે ઘણા બધા ખેડૂતોનો માલ ખરીદવાનો પણ ઈન્કાર કરવામાં આવતો હોવાનુ ખેડૂતોનું કહેવુ છે.

જિલ્લામાં હાલ વાવણીની પણ સિઝન છે ત્યારે ખેડૂતોને ધીમી ગતિએ ખરીદી ચાલી રહી હોવાથી રોષ પ્રવર્તી રહ્યો છે. જિલ્લામાં ખરીદીની પ્રક્રિયામાં વેગ આવે તેવી ઉગ્ર લાગણી ખેડૂતોમાં પ્રવર્તી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સહાય માટે ૨૨ હજાર ખેડૂતોનું રજીસ્ટ્રેશન

જિલ્લામાં થયેલા કમોસમી વરસાદને લઈ રાજ્ય સરકારે જાહેર કરેલ સહાય માટે અત્યાર સુધીમાં ૨૨ હજાર જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જિલ્લાના ૧૧૬ ગામમાં એક ઈંચ કરતાં વધુ કમોસમી વરસાદ થયો હતો. આ ગામોના ખેડૂતોને રૂ. ૬૮૦૦ લેખે અને અન્ય ગામોના ખેડૂતોને રૂ. ૪ હજાર લેખે સહાય ચુકવવામાં આવનાર છે. જિલ્લામાં ૧લી ડિસેમ્બરથી આ રજીસ્ટ્રેશન અંગેની કામગીરીનો આરંભ થયો છે અને ૩૧ ડિસે. સુધી આ કામગીરી ચાલશે. આ પછી જિલ્લાકક્ષાએથી આખી દરખાસ્ત તૈયાર કરી સરકારને મોકલવામાં આવશે. સરકાર દ્વારા ખેડૂતોના ખાતામાં સીધી સહાયની ચુકવણી કરવામાં આવશે.

### લોહાણા ઉઠમણું



દિલગીરી સાથે જણાવવાનું કે અનિલ પુરુષોત્તમ સેજપાલના સુપુત્ર ડૉ.જયનિલ ના ધર્મપત્નિ **ડો.કાજલ જયનિલ સેજપાલ** નું દુઃખદ અવસાન તા.૧૧/૧૨/૨૦૧૯ના રોજ થયેલ છે. **તેમની પ્રાર્થનાસભા (ઉઠમણું) જુલેલાલ મંદિરના હોલમાં, સેક્ટર-૨૧/૩૦ના બસસ્ટેન્ડ પાછળ, સેક્ટર-૩૦, ગાંધીનગર. તા.૧૩/૧૨/૨૦૧૯ને શુક્રવારના રોજ સાંજ ના ૪ થી ૫ કલાકે રાખેલ છે.**

નિધી મેહુલ લાખાણી
નિપા દેવાંગ ધોળકીયા

લિ.
અનિલ પુરુષોત્તમ સેજપાલ
ડો.જયનિલ અનિલ સેજપાલ
અ.સૌ.ભારતીબેન અનિલ સેજપાલ


સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા) N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com